સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

રહ્યો નથી રાગ ને 'શરીર' તો વસ્ત્રોની ખીંટી છે!
હસ્તરેખા નથી ભાગ્યની આડી-અવળી લીંટી છે!
ઘંટી છે વ્યથા ને વેઠી છે આંટી-ઘૂંટી સંબંધોની -
મોહ-માયાને મમતાની ચાદર માંડ વીંટી છે!

હાઈકુ

રહ્યો ન અહીં
અહંકાર કોઈનો -
'કઠપૂતળાં'

ખેંચાય દોરી,
લડતાં લડતાં ને -
થાય નિષ્પ્રાણ!

(આપણા સૌની જીવાદોર ઈશ્વરના હાથમાં છે એ સતત સ્મરણમાં રાખો)

ચિંતન

અહં સહસ્ત્રાપરાધી કિમેકેન ભવેનમ ।
મત્વા નાધં રમરેદીષદ્ બિંદુના પૂર્યતે ઘટ: ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલીમાંથી લેવામાં આવેલ છે.

મેં હજારો ગુના-અપરાધ કરી નાખવા છે, હવે આ એક વધારે ગુનો કરવાથી મારું શું બગડી જવાનું છે. આવી ગુમાન ભરી વૃત્તિથી કદાપિ પાપમાં પ્રવૃત્ત રહેવું નહીં. કારણ કે ટીપે ટીપે જ ઘડો ભરાયો હોય છે.

માણસ જયારે પહેલું પાપ કરે છે ત્યારે તેનો અંતરાત્મા એને ખૂબ જ આજીજી કરીને એ રસ્તે ન જવા સમજે છે. આવો સંઘર્ષ બધાના જ જીવનમાં આવે છે. પણ જે સંસ્કારી સજ્જન છે એ આ ખેંચતાણમાં અટકે છે, પણ જેમને સંસ્કાર નથી અને એકવાર પાપ - ગુનાના રસ્તે પગલું ભર્યું છે અને એમાં સફળ રહ્યા હોય કે પકડાયા ન હોય કે સજા થયા વિના બચી ગયા હોય તેમને હિંમત મળી જાય છે. અને પછી પોતાના અંતરાત્માને છેતરી વારંવાર પાપ કર્યા કરતા હોય છે. અને એમાં પોતાને નિષ્ણાત - બુદ્ધિશાળી માનતા થઈ જાય છે. પણ અંતે તો પાપનો ઘડો ભરાય અને ફૂટે છે.

સુવિચાર

- બૌદ્ધિક શિક્ષાની અસર તમારા મગજ પર થાય છે અને ગુણો પર આધારિત શિક્ષાની અસર તમારા હૃદય પર થાય છે - **શિવ ખેરા**
- હમારે અંદર કી પ્રાકૃતિક તાકતેં, બીમારિયોં કી સચ્ચી આરોગ્ય-સાધક હોતી હૈ! - **હિપોક્રેટ્સ**
- સત્યની બાદબાકી કરવાથી જૂઠ જન્મે છે - **ટેનિસન**
- યુવાનીમાં મસ્તક ઉપર વિવેકની ગંગા રાખજો - **રોહિત શાહ**
- બે ઉત્તમ આદતો રાખવી, કોઈને મદદ કરવાની, કોઈને ઓછામાં ઓછું નુકશાન પહોંચાડવાની - **બોધિવૃક્ષ**
- મહાન ઉપલબ્ધિ કદી આસાનથી નથી મળતી અને આસાની મળેલી ઉપલબ્ધિ મહાન નથી હોતી - **બાલ ગંગાધર તિલક**
- આજનું ઔષધ : સો મિલિ નારિયેળનું તેલ લઈ તેમ એક ચમચી લાલ મરચાનો પાઉડર ઉમેરી નવશેકું ગરમ કરી દુ:ખાવાની જગ્યાએ લગાડવાથી દુ:ખાવો મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

જયોર્જ બર્નાડ શૉને લંડનના એક ધનિક અને અતિ પ્રતિષ્ઠિત પરિવાર તરફથી રવિવારની એક સાંજે જમવા જવાનું આમંત્રણ હતું. રવિવાર બપોરે તેમને કોઈ મિત્રની ખબર જોવા હોસ્પિટલમાં જવું પડ્યું ત્યાં જ તેમને મોડું થઈ ગયું એટલે કપડા બદલવા ઘરે જવાનો વિચાર પડતો મૂકીને સાવ સામાન્ય પહેરવેશમાં તેઓ પેલા ધનિકના ઘરે પહોંચી ગયા. પેલા ધનિકના પત્નીએ તેમને આવકાર્યા પણ તેમનો ચહેરો બર્નાડ શૉના કપડા જોઈને ઊતરી ગયો.

ધનિક મહિનાનો ચહેરો જોઈને બર્નાડ શૉએ તેમની હોસ્પિટલની વાત કરી ક્ષમા માગી પેલી મહિલા માનવા તૈયાર ન થઈ તેણે કહ્યું, 'મારા ડ્રાઈવરને હું સૂચના આપું છું તે તમને ગાડીમાં ઘરે લઈ જાય અને તમે આ પાર્ટીમાં શોભે તેવા કપડા પહેરી પાછા આવી જાવ.' બર્નાડ શૉ ગયા અને પાર્ટીને અનુરુપ કિંમતી કપડા પહેરીને પાછા આવ્યા.

બુફે ડીનર જમતા જમતા બર્નાડ શો પોતાના કપડા ઉપર આઈસ્ક્રીમ, સૂપ, સલાડ વગેરે લગાવી રહ્યા હતા. સાથે સાથે તેઓ બોલતા હતા. 'આજે ખાઓ મારાં કિંમતી કપડાં, આમંત્રણ તો તમને જ મળ્યું છે.' શો સાહેબનું આવું વિચિત્ર વર્તન જોઈ મહેમાનોએ પૂછ્યું, 'તમે આ શું કરો છો?' શૉએ જવાબમાં કહ્યું, 'મિત્રો, આપની હું માફી ચાહું છું પણ અહીં મને નહીં મારા કિંમતી કપડાને આમંત્રણ મળ્યું છે. તેથી આજનું ભોજન તો મારા કપડાં જ કરશે,' શો સાહેબનું આવું વર્તન અને સંવાદ સાંભળી ધનિક મહિલાને ખૂબ શરમ આવી. શૉ સાહેબનો કહેવાનો મતલબ તે સમજી ચૂકી હતી કે વ્યક્તિનું મૂલ્યાંકન તેની પ્રતિભા અને આચરણથી કરવું જોઈએ. કપડાંથી નહીં.

લઘુમતીને ટાર્ગેટ કરવાની રાજનીતિ રાષ્ટ્રીય એકતા માટે જોખમરૂપ

તંત્રીસ્થાનેથી...

દેશમાં ન્યાયપાલિકાનું વજૂદ અકબંધ છે ત્યાં સુધી બંધારણે દરેક નાગરિકને આપેલ સમાન નાગરિકને એના ધર્મ, સંપ્રદાય, જાતિ, લિંગ કે પ્રદેશ વચ્ચે વહેરોવંચો રાખ્યા વિના સમાન ગણે છે. ચૂંટાયેલી સરકાર બંધારણ મુજબ શાસન કરવાનું વચન આપીને એના અંતરાત્મા કે પરમાત્માના શપથ લઈને પદગ્રહણ કરે છે. લોકતંત્રની ખૂબીઓ અને ખામીઓ જગજાહેર છે. ચૂંટણીમાં ધર્મ-સંપ્રદાય અને જાતિના મુદ્દા જ 'ઓફ ધ રેકોર્ડ' મહત્ત્વના બની રહે છે. ગુજરાતમાંથી સમ ખાવા પૂરતો એક પણ મુસલમાન સાંસદ ચૂંટાયો નથી અને શાસક પાર્ટી એનું હિંદુત્વનું મહોરું જડબેસલાક જળવાઈ રહે એટલા સારું લોકસભા, વિધાનસભા કે રાજયસભામાં એક પણ મુસ્લિમ કે ખ્રિસ્તીને ટિકિટ આપતી નથી તે જ શું સૂચક નથી ? પરંતુ રાજકીય પક્ષોને પોતપોતાના કમઠાણ પોતાની રીતે ગોઠવવામાં ન્યાયપાલિકા દખલ કરી શકતી નથી. એ એનું અધિકાર ક્ષેત્ર જ નથી, કારણ કે બંધારણમાં એવી નાની કોમોનો રાજકીય પ્રતિનિધિત્વ અપાવવાનો કોઈ આદેશ કે નિર્દેશ નથી. છેલ્લાં વર્ષો દરમિયાન હિંદુ બહુમતીનું ધ્રુવીકરણ કરવામાં આને મુસ્લિમ-ખ્રિસ્તી લઘુમતીઓને હાંસિયે ધકેલવામાં શાસક પક્ષે કોઈ કસર છોડી નથી એથી એ સમુદાયોમાં એક છૂપો ભય પ્રવર્તી રહ્યો છે જે અવારનવાર કોઈ ને કોઈ સેલિબ્રિટીના નિવેદનમાં વ્યક્ત થતો રહે છે. આ દેશ હવે પોતાના માટે સલામત નથી એવી ગ્રંથિ પણ આ સમુદાયોના પ્રબુદ્ધ નાગરિકોનાં દિલોદિમાગનો કબજો લઈ રહી છે. આગમાં ઘી હોમવાનું કામ સુદર્શન ચેલન જેવી બેફામ ટીવી ચેનલો અને કેટલાક સરકારી લાભાર્થીઓ દ્વારા થતું રહે છે. ઉદ્યોગપતિઓને તો યેન કેન પ્રકારેણ નાણાંના ઢગલાં કરવા છે એટલે એ પણ સાગમટે શાસક પાર્ટીનાં જ તરભાણાં છલકાવતા રહે છે. આવા વિકટ સમયગાળામાં સર્વોચ્ચ અદાલતના જસ્ટિસ ચંદ્રચૂડ કે જસ્ટિસ જોસેફ જેવા બંધારણને વફાદાર ન્યાયમૂર્તિઓ સુદર્શન ચેનલના માથા ફરેલ માલિકને એમની પાયાવિહોણી અને બે પ્રજાઓ વચ્ચે વૈમનસ્યની ખાઈ પહોળી કરનારી બેફામ રજૂઆતો સબબ કડક શબ્દોમાં રોકે છે ત્યારે હજી બધું જ બગડી ગયું નથી એવા આશ્વાસનથી જેના પર નિશાન સધાતું રહે છે તે લઘુમતી કોમના નાગરિકોને જરૂર થોડી રાહતનો અનુભવ થતો હશે. સુદર્શન ટીવી મુસ્લિમ લઘુમતી વિરુદ્ધ નિરંતર ઝેર ઓકતું રહે છે અને છેલ્લે તો એણે સંઘ લોક સેવા આયોગ (યુપીએસસી) મારફત વધુ ને વધુ સંખ્યામાં મુસ્લિમોને પ્રશાસકમાં ઘુસાડવાના ષડયંત્રની કપોલકલ્પિત અફવાને હવા આપવાનો પ્રયાસ કર્યો છે. સુપ્રીમ કોર્ટનું આ નિરીક્ષક નેત્રદીપક છે : આ કાર્યક્રમ આ ખાસ કોમ પ્રત્યે ભારે અનાદર દર્શાવતો રહે છે. મુસ્લિમો જ નહીં, કોઈ પણ સમુદાય એના ગજા મુજબ સત્તાકેન્દ્રમાં રહેવા કોશિશ કરે છે. જૈન સમાજ એના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપે છે, ખ્રિસ્તી સંસ્થાઓ એમના લોકોને આગળ વધારવા પ્રયાસ કરે છે. આમાં કશું ખોટું નથી. પરંતુ ચૅનલ દ્વારા મુસ્લિમો પર નિશાન સાધીને એમને ઊલટાના મુખ્યપ્રવાહમાં આણવાને બદલે વધુ ને વધુ દૂર ધકેલવાના પ્રયાસો થઈ રહ્યા છે. ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ એસોસિયેશનના વકીલને કબૂલવું પડ્યું કે સુદર્શન ટીવી અમારા મંડળનું સભ્ય ન હોઈ અમે એને કસું કહી શકતા નથી. સુપ્રીમ કોર્ટના આ વિશેષ અભિગમ પછી પણ સુદર્શન ટીવી સુધરી જશે એ વાતમાં માલ નથી. એના સંચાક સંઘના સભ્ય છે અને સંઘ ભલે જાહેરમાં શાણી વાતો કરતો હોય પણ આવા માધ્યમો મારફત એ સભાનપણે એક ખાસ સમુદાયને નિશાન બનાવતો રહે છે તે સમજી શકાય એવું છે આખરે જે મુસ્લિમ લઘુમતીને રાજકીય કારણોસર ટાર્ગેટ કરાઈ રહી છે એની ઊછરડી પેઢીન આતંકવાદ તરફ ધકેલવાનું જ જાણ્યે અજાણ્યે અનુષ્ઠાન થઈ રહ્યું છે ! તમે શું માનો છો? રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને સાંપ્રદાયિક સૌહાર્દને હાનિ પહોંચાડે એવાં તત્ત્વોને પ્રોત્સાહન ન જ આપવું જોઈએ. સરકારે સુપ્રીમ કોર્ટનાં નિરક્ષણોને ગંભીરતાથી લેવાની જરૂર છે.

પૃથ્વી પર લખેલો પ્રભુનો પ્રેમપત્ર છે!

આરપાર
રાઘવજી માધડ

એક લોકાચાર નિમિતે મળવાનું થયું તેમાં,એક શિક્ષણ અધિકારીના ઉદગાર હતા:'હવે સ્કૂલો શરુ થાયતો સારું.બાળકો વગર ગમતું નથી.હ્લવાત તદ્દન સાચી હતી.પણ પ્રથમતો તેઓની સહૃદયતાને સલામ. પોતે જીવંત છે.અધિકારીપણું હાવી થયું નથી.અને બાળક પ્રત્યેનું મમત્વ તેનામાં મનભરીને શ્વસે છે.એક ચિંતકે કહ્યું છે:કેટલાંય માણસો ક્યારનાય મરી ચુક્યા હોય છે,માત્ર નનામી વરસો બાદ નીકળતી હોયછે !

બાળક એ પૃથ્વી પર લખેલો પ્રભુનો પ્રેમપત્ર છે ! પ્રેમપત્ર વાંચવા,લખવાનો જેમને અવસર મળ્યો હશે તેમને બાળનું વ્હાલ સમજાશે.બાળક વગરની દુનિયા કલ્પી જુઓ,કલરવનો દેશ ભેંકાર ભાસશે.બાળક ન હોવાની વિહવળતા અને બાળક પ્રત્યેની દુર્લક્ષતા સાથે ઉછરી ન શકે.બાળક વગરનું ઘર સ્મશાનથી વિશેષ હોતું નથી.ઘરમાં બાળકના હોવાનું સુખ માણવું તે પણ એક સદભાગ્ય છે.ગિજુભાઈએ કહ્યું છે:જ્યાં સુધી પૃથ્વી પર બાળકનું અવતરણ થતું રહેશે ત્યાં સુધી ઈશ્વર પરની શ્રદ્ધા ગુમાવવાને કોઈ કારણ નથી.

કોરોનાના લીધે શેરી,મેદાન,મહોલ્લા બાળકો વિના સૂના પડ્યા છે.કોઈના ઘરે ક્રિકેટનો બોલ આવતો નથી,કાચ તૂટતા નથી,બાળકો ભાગતાં નથી,ડોસી ઠપકો આપવા આવતી નથી...આ બધું વસમું લાગે છે.

આજે જણતર ઘટ્યું પણ ચણતર વધ્યું છે.બાળકોનું ઘડતર ઘટ્યું ને ભણતર વધ્યું છે.કીડી માથે સીધો લાડવો મૂકી દેવાનું વલણ વકર્યું છે.ભણી-ગણીને ઝટ મોટું થાય,અમારા માથેથી ચિંતા ઘટે ! ખરેખર તો બાળક સાથે જીવાયેલી એક ક્ષણ પણ સુખની સદીઓ કરતાં મોટીને મહાન હોય છે.સ્કૂલમાં શિક્ષણ મળે છે પણ ઘરમાંતો બાળક ખરી કેળવણી પામે છે.સ્કૂલના દ્વાર બંધ છે પણ કેળવણીના દ્વારતો ખુલ્લા છેને !

ક્ષિતિમોહન સેન એ મોટા આચાર્ય હતા.હોલેન્ડની એક ડચ મહિલા એમને મળવા ગઈ અને કહ્યું : 'હું હિન્દુસ્તાનમાં ફરી પણ સમાજમાં સ્ત્રીઓ ઘણી પાછળ છે.અમારે ત્યાંતો બધી સ્ત્રીઓ પુરુષોની હરીફાઈ કરે છે.હ્લક્ષિતિમોહન કહે:'મેડમ,તમારે ત્યાંનાં બાળકો માટે મને બહુ દયા આવે છે.કારણ કે બાળકને બે બાપ થશે.એકેય'માહ્લનહીં હોય-એક કુદરતે આપેલો બાપ ને બીજો આ કૃત્રિમ બાપ !મા વિના તમારાં બાળકોનું શું થશે ?હ્લ જગતમાં અને જીવનમાં મા હોવું તે મોટી દેણગી છે.કારણ કે મા હોવું તે હકીકત છે અને બાપ હોવું તે માત્ર ધારણા છે.પોતાના પાસે જ ભણતું એક સમજણું બાળક માતા વિશે કહેતું સાંભળ્યું છે:'મારાં મમ્મી,સ્કૂલમાં મા થવાનો પ્રયત્ન કરે છે ને,ઘરમાં ટીચર...પરિણામે ક્યાંય સફળ થતી નથી.હ્લ

આ વિજ્ઞાનના યુગમાં મા-બાપ બનવું સરળ છે પણ સહેલું નથી.પહેલા પાંચ-સાત સંતાનો ઘરમાં હતાં,પણ બહોળા પરિવારમાં ઉછરી જતાં.એ સયુંકતકુંટુંબની મજા હતી.હાલ વિભક્તકુંટુંબની સજા સૌ ભોગવે છે.ઘણાં વાલી ડાહ્યું-ડમરું બાળક ઈચ્છે છે,ચાવી ભરેલાં રમકડાં જેવું...પણ બાળક પાસે તો બાળક જેવી અપેક્ષા રાખવાની હોય. બાળકને પોતીકું સ્વમાન અને સ્વભાવ છે.તે સતત પ્રેમ,હુંફ,કદર અને સલામતી ઝંખતું હોય છે. બાળક આપણા દ્વારા આવે છે, આપણે તેનાં રખેવાળ છીએ, પણ માલિક નથી.

ગામડાની ઓસરી પર લાંબા પગ કરી સ્ત્રી હાથમાં સૂપડું લઈ અનાજ ઉપણતી હોય, પગના અંગુઠે હીંચકાની દોરી બાંધી હોય,કંઠમાં હાલરડું હોય,પગથી હીંચકો નખાતો હોય અને બે હાથમાં સૂપડું હોય...એક સાથે ત્રણ કામ લયબદ્ધ ચાલતા હોય..આવા દ્રશ્યો જોયા છે.આજે વ્યસ્ત માતા હીંચકામાં મોબાઈલ મૂકે છે!

છેલ્લે : જે મા-બાપ પોતાના બાળકને સમય આપી શકયાં ન હોય તેઓને ઘરડાંઘરમાં જવાનું મોડું ન કરવું. કારણ કે હવે સંતાન પાસે સમય નહીં હોય !

-ra_madhad13@yahoo.com

ન.મો. સરકાર દેશની આંતરિક સફાઈ કરી રહી છે



મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

૨૧મી સદીના ઈતિહાસમાં ૨૦૨૦નું વર્ષ બે બાબતોથી હંમેશાં યાદ રહી જવાનું છે. એક તો વૈશ્વિક કક્ષાએ કોરોનાએ હાહાકાર મચાવીને આખી દુનિયાની આર્થિક, સામાજિક અને માનસિક સ્થિતિ બદલી નાખી છે. અને બીજું હાલમાં સરકાર દ્વારા ભારતમાં થઈ રહેલી આંતરિક સાફ સફાઈને કારણે આ વર્ષ યાદગાર બનવાનું છે. કોરોનાએ તો પોતાની રીતે દુનિયાને બદલી નાખી. પણ ભારતમાં કેટલાંક ક્ષેત્રોમાં ગંદગી છેલ્લા સિત્તેર વર્ષથી વ્યાપેલી હતી. જેની સફાઈ બહું જ અગત્યની હતી. અનેક સરકારો આવી ને ગઈ પણ સૌએ પોતાની વૉટબેંકને ધ્યાનમાં રાખીને એ ગંદકીને દૂર કરવાને બદલે એને રક્ષણ અને પ્રોત્સાહન આપતા રહ્યા છે. અને ધીમે ધીમે આ ગંદગી દેશની રગેરગમાં એવી રીતે વ્યાપી ગયેલી હતી કે જો હજી આમને આમ થોડા વર્ષ ચાલ્યું હોત તો ભારતમાં આવનારી અનેક પેઢીઓ બરબાદ થઈ જાત. અને ભારતમાં રહેવું અસંભવ હોત. પરંતુ કહે છે ને કે અસત્ય ગમે તેટલું શક્તિશાળી હોય પણ એ સત્યને જીતી શકતું નથી. અને જેમ પાપ પાણીમાં ય પ્રગટ થાય છે તેમ વર્ષ—૨૦૧૪થી દેશમાં પહેલીવાર સત્તા પરિવર્તન થાય છે અને શ્રી ન.મો.ના નેતૃત્વમાં ભાજપા સરકાર પૂર્ણ બહુમતિથી દેશનું સુકાન સંભાળે છે.

આજસુધી દેશની પ્રજાની એવી માનસિકતા ઘડી દેવામાં આવી હતી કે તત્કાલ લાભ આપે એ સરકાર સારી. ખેડુતોના કર્જ માફ, લોન માફ, કામ કર્યા વિના સરકાર રૂપિયા આપે, મફતમાં અનાજ આપે, વગેરે વગેરે.. અને નેતાઓ પ્રજાની આવી માનસિકતાનો લાભ લઈને પ્રજાને જ લૂંટતા રહ્યા. પરંતુ આ બધુ ૨૦૧૪માં અચાનક બદલાઈ ગયું. કોઈ ના લઈ શકે એવા કડક નિર્ણયો લેવા માટે ન.મો. જાણીતા છે. એમણે થોડો સમય બધુ જોયું. અને પછી શરું કર્યુ સફાઈનું અભિયાન. જેના ભાગરૂપે નોટબંધી લાવીને આતંકીઓની આર્થિક કમર જ તોડી નાખી. અને ત્યાર પછી તો તીન તલ્લાક, જમ્મુ કશ્મીરની ૩૭૦ની કલમ, રામ મંદિર જેવી અશક્ય લાગતી સમસ્યાઓને ઉકેલીને પોતાની દૃઢ સંકલ્પશક્તિનો પરિચય ન.મો.એ એમના તમામ દુશ્મનોને આપી દીધો છે. અને હજીયે આગામી સમયમાં બહુ મોટા કડક નિર્ણયો આવી રહ્યા છે.

ભારતની આર્થિક રાજધાની મુંબઈ શહેર આપણા દેશનું ગૌરવ છે. વળી અહી સૌથી મોટો ''ફિલ્મ ઉધોગ'' ધમધમે છે. જેના ટેક્સમાંથી ભારત સરકારની આર્થિકનીતિ સદ્ધર બને છે. પરંતુ આ મુંબઈમાં આજે માફિયાઓએ આખો ફિલ્મ ઉધોગ પોતાના કબજામાં લઈને મોટાભાગના કલાકારોને ડ્રગ્સના બંધાણી બનાવી દીધા છે. તો વળી છેલ્લા સીત્તેર વર્ષથી ખૂબ જ વ્યવસ્થિત રીતે ચાલતો ખાસ વિશેષ જાતિનો દેશને કબજામાં લેવાનો પ્લાન. આ બધુ સરકારના ધ્યાનમાં તો હોય જ. અને ઉપરથી નેતૃત્વ ન.મો.નું. પછી તો પુછવું જ શું ? ન.મો.એ એકશન લેવાનું શરું કર્યું અને વિપક્ષોએ રિએકશન આપવાનું. આપણા પોતાના દેશમાં આપણી આસપાસના દુશ્મન દેશોમાંથી અનેક આક્રાંતાઓ આવીને મારા તમારા શહેરમાં, ઘરની આસપાસ ગોઠવાઈ ગયા છે. જેથી આંતરિક વિગ્રહ થાય ત્યારે કોઈ ફોજ વિના આપણી કત્લેઆમ કરીને તેઓ પોતાની સત્તા સ્થાપી શકે. જેવું કશ્મીરમાં પંડિતો સાથે થયું હતું. અને આ આખું ષડયંત્ર અત્યારે વિખાવા લાગ્યું છે. જે.એન.યુ.વિવાદ, શાહીનબાગ અને કોરોનાના આરંભકાળમાં દિલ્હીમાં બનેલી ઘટનાથી આખા દેશની પ્રજા જાગૃત થઈ ગઈ છે. આખા દેશને પીંખી નાખવાનું ષડયંત્ર ખૂલ્લું પડી ગયું છે. એ બાબતે સરકાર ખૂબ જ અસરકારક પગલા લઈ રહી છે. તો વળી યુ.પી.માં યોગી સરકાર ભૂમિ માફિયાઓને પકડી પકડીને જેલના હવાલે કરી રહી છે. જે ઘટનામાં પ્રજાની લાગણી ભળે છે તત્કાલ ન્યાયની માંગ થાય છે ત્યા જે બહુ માથાભારે છે એના એંકાઉન્ટર પણ કરી દેવાય છે. અને પ્રજાની સંવેદનાને ન્યાય અપાય છે. અનેક પ્રકારના ભ્રષ્ટાચારોના અજગરો આજે પીંજરામાં પુરાયેલા છે.

મુંબઈ પણ માફિયાના સકંજામાં છે. ત્યાના મોટાભાગના ઉધોગોપતિઓ, ફિલ્મી કલાકારો, પ્રોડ્યુસરો, નેતાઓ અને પોલીસ સૌની ઉપર માફિયા ડૉનનો પ્રભાવ છે. હિંદી ફિલ્મોમાં પણ અમુક પરિવારના એકટરોની જ ફિલ્મો બને છે, ચાલે છે. નવા અનેક ઉત્તમ કલાકારો—એકટરો અનેક વર્ષોસુધી સંઘર્ષ કરી કરીને અંતે થાકી હારી પરત ફરે છે અથવા પોતાનો જીવ ગુમાવે છે. જેને આત્મહત્યામાં ખપાવી દેવામાં આવે છે. ખૂબ જ આયોજન પૂર્વક થયેલી દિશા શાલીયાન અને સુશાંતસિંહની હત્યાને મુંબઈ પોલીસે આત્મહત્યામાં ફેરવી નાખી. એની પાછળના કારણોમાં મોટા માફિયા અભિનેતાઓ, રાજનેતાઓ અને ડ્રગ્સ માફિયાઓ જ છે. આખા મુંબઈમાં ડ્રગ્સનો બિઝનેશ ધમધોકાર ચાલે છે. કંગના જેવી વીરાંગના અભિનેત્રીના ખૂલ્લા પડકારથી આખી મહારાષ્ટ્ર સરકાર અને માફિયાઓ ધ્રૂજી ગયા છે. તો વળી મુંબઈ અને દેશની સફાઈ કરવામાં સૌથી મહત્વનો રૉલ ભજવતું મીડિયા હાઉસ પોતપોતાની ન્યૂઝ ચેનલો થકી કાર્યરત છે એમાંય ખાસ રિપબ્લિક ભારતના રિપોર્ટીંગે હાલ તો આખા દેશમાં એક પ્રકારની ઉત્તેજના ફેલાવી દીધી છે. આવી રીતનું અને આટલું નીડર રિપોર્ટીંગ આજસુધી કોઈ જોયું નહોતું. આર.ભારતના પત્રકારો મુંબઈના રસ્તાઓની વચ્ચે, પોલીસ સ્ટેશનોની પાસે જ મુંબઈની પોલીસને જ પજવતા પ્રશ્નો પુછે, જાહેર રસ્તાઓ ઉપર ઊભા રહીને ઉદ્ધવ સરકાર, શીવસેનાની સત્તાને, ગુંડાગર્દીને, જોહૂકમીને પડકારે, ચેલેન્જ આપે એવી હિંમત આર.ભારતના પત્રકારો બતાવે છે. એમને એવો ડર પણ નથી કે જે શહેરમાં આખી સરકાર, પોલીસ અને માફિયા સૌ એક છે એ જ શહેરના જાહેર રસ્તાઓ ઉપર એમના વિરુદ્ધમાં સત્ય રજું કરવું કેટલું જોખમી હોય છે, ગમે ત્યારે કોઈ પાછળથી આવીને અકસ્માત કે હુમલો કરીને જાન પણ લઈ શકે છે. ભલે અમુક પક્ષના લોકો કે નેતાઓ આને રાજનીતિ કહે, પણ ખરેખર આ ભારતની સફાઈ ચાલી રહી છે. જેમાં કંગના, રવિ કીશન જેવા કલાકારો, આર.ભારત. જેવી ચેનલો, એન.સી.બી, સી.બી.આઈ, અને ઈ.ડી જેવી કેન્દ્ર સરકારની તપાસ સમિતિઓ અને તેમના જાંબાઝ અધિકારીઓ, સૌ ના પ્રયત્નો સત્યને બહાર લાવવાના છે અને દેશની સફાઈ કરવાના છે. દિશા શાલિયાન અને સુશાંત કેસના મૂળિયા હજી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના કહેવાતા સુપરસ્ટારોના ઘર સુધી જવાના છે. કેટલાક ચોક્કસ પરિવારોના બની બેઠેલા સુપરસ્ટારોનો યુગ હવે આથમી જવાનો છે. કેમ કે સૌના પાપનો ઘડો ભરાઈ ગયો છે. શુદ્ધ ભારતીય ભજનોની પવિત્ર સંસ્કૃતિને ફિલ્મોમાં લાવનાર ગુલશન કુમારની હત્યાથી છેક સુશાંતસિંહની હત્યા સુધી અનેક ઉગતા અને પ્રતિભાશાળી કલાકારો, સંગીતકારો, દિગ્દર્શકોએ આ માફિયાઓને કારણે પોતાના જીવ ગુમાવ્યો છે જેનો આજસુધી કોઈ ન્યાય થયો નથી. કોઈ તપાસ થઈ નથી. પણ સમયનું ચક્ર કોઈને છોડતું નથી. સુશાંતસિંહના કેસને કારણે આજે છેલ્લા એકાદ મહિનાથી એન.સી.બી, સી.બી.આઈ, અને ઈ.ડી જેવી કેન્દ્ર સરકાર નિષ્પક્ષ સમિતિના ઉચ્ચ અધિકારીઓ અને ત્રણેક મહિનાથી આ ઘટનાને એક આંદોલન બનાવનાર આર. ભારતના ચીફ એડિટર શ્રી અર્નબ ગોસ્વામી અને તેમની ટીમની મહેનત આખા મુંબઈની સફાઈ કરશે. સરકારી તપાસ સમિતિઓ પણ કેન્દ્ર સરકારના માર્ગદર્શનમાં ધીમે ધીમે પોતાનો સકંજો જમાવી રહી છે. ફિલ્મીજગતની કેટલીક હસ્તીઓનું પૂર્ણવિરામ આવી જવાનું અને નવા કલાકારો તથા આવતી પેઢીના કલાકારો માટે તમામ રસ્તાઓ ખૂલી જવાના. પરંતુ આજે તો મુંબઈની આખી ફિલ્મી યુવા પેઢી ડ્રગ્સના નશામાં ચકચૂર છે. જેટલા પકડાયા છે તે સૌ એકદમ યુવાનો જ છે. જે ઉંમરે જરૂરી ઉચ્ચ શિક્ષણ લેવાનું હોય એના બદલે ડ્રગ્સનો કારોબાર કરતી આજની ફિલ્મી યુવાપેઢીનું કોઈ ભવિષ્ય નથી.

આ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝને કંગના ગટર કહે છે. જે ગટર સાફ થઈ રહી છે તેથી એની દૂર્ગંધ તો બધાને આવવાની જ. કદાચ છાંટા પણ ઊડે તેથી હાલ આંખ, કાન અને મોં બંધ રાખવું પણ જરૂરી છે. આ બધી ઘટનાઓ ઉપરથી એક વાત નક્કી છે કે કંગના રનૌત આવનારા વર્ષોમાં રાજનીતિમાં પ્રવેશ કરશે અને ભવિષ્યમાં એ ઉદ્ધવ ઠાકરે સામે જ ચૂંટણી લડીને, જીતીને પોતે જ મહારાષ્ટ્રની ગૃહમંત્રી બનશે. એવું મને તો લાગી રહ્યું છે. એનામાં રાષ્ટ્રપ્રેમ, સાહસ, વીરતા, નેતૃત્વ અને રાજનીતિના ગુણો છે, તેથી ભાજપના નેતાઓએ આ લાભ લેવો જોઈએ. એને જલદીથી ભાજપામાં પ્રવેશ આપવો જોઈએ. જો કંગના રાજનીતિમાં આવશે તો ભવિષ્યમાં ભારતની રાજનીતિને પણ એક સક્ષમ સ્ત્રી નેતા મળી શકે છે કે જેનામાં દુશ્મનો સામે લડવાની અને દેશ માટે કંઈ પણ કરી છૂટવાની તમન્ના હોય. બાકી અત્યારે તો ન.મો. સરકાર પુરા પ્લાન સાથે બિલકુલ કાયદેસર રીતે દેશની સફાઈ કરી રહી છે. જેમાં હજી થોડા વધુ અર્નબ ગોસ્વામી અને કંગના જેવા યુવક યુવતિઓ પોતાનો અવાજ લઈ બહાર આવશે તો આ સફાઈ જલદી થશે અને આવનારી યુવા પેઢીને ડ્રગ્સ, આતંકવાદ, ગૂંડાગર્દી, ભ્રષ્ટાચાર, જેવા અનેક સામાજિક દુષણોથી મૂક્ત રાખી શકાશે.

રણમાં ઊડશે 'રન'ની આંધી..!



રઝળપાટ
અજય ઉપાધ્યાય

આઈપીએલ હોય અને વિવાદ ના હોય એવું તો કાઈ બનતું હશે...?! જી હા દર વર્ષે આઈપીએલ દરમ્યાન કઈક ને કઈક વિવાદો થયા જ કરતાં હોય છે, આ વખતે તો આઈપીએલ શરૂ થાય એના પહેલા જ વિવાદો શરૂ થઈ ગયા. આઈપીએલ શરૂ થવાના પહેલા જ સુરેશ રૈના ''અંગત કારણોસર ' ટુર્નામેંટમાથી ખસી ગયો. કારણ તો અંગત અપાયું પણ સાથે એ પણ શક્યતા વ્યક્ત કરાઈ કે ચેન્નઈ સુપરકિંગના બોલર દિપક ચહર અને બેટ્સમેન ઋતુરાજ ગાયકવાડની સાથે સાથે સ્ટાફના લગભગ બારેક લોકો કોરોના સંક્રમિત હોવાને લીધે ડરના માર્યા રૈનાએ પોતાનું નામ પાછું ખેંચી લીધું. જો કે હવે તો આ બધા સાજા થઈને ગ્રાઉંડ પર પરત પણ ફર્યા છે. રૈનાની કળ હજુ ચેન્નઈ સુપરકિંગને વળે એ પહેલા તો હરભજનસિંઘે પણ પોતાનું નામ આઈપીએલ - ૨૦૨૦માંથી પાછું ખેંચી લીધું, અગેઈન કારણમાં તો 'અંગત ' જ કહેવાયું. જો કે ભજ્જી તો ખેલાડીઓ યુએઇ ગયા ત્યારે જ એમની સાથે ગયો નહોતો, કહેવાયેલું કે ભજ્જીના માતાની તબિયત સારી નથી પણ પછી નામ પાછું ખેંચતી વખતે ભજ્જીએ જાહેર કર્યું કે આ અંગત કારણોસર છે અને આશા રાખું છુ કે મારા આ મુશ્કેલીભર્યા સમયને લોકો માન આપશે. જો કે ભજ્જી મુંબઈ સ્ટુડિયોમાથી મેચોની હિન્દી કોમેંટરી કરવાનો છે.

કોરોનાએ દુનિયાને બરબારનું બાનમાં લીધું છે એવામાં કોરોનાથી જો કોઈ ક્ષેત્ર વધુ અસરગ્રસ્ત થયું હોય તે એક તો મનોરંજન ક્ષેત્ર અને બીજું રમતગમત છે. જો કે ધીરેધીરે રમતગમતની ગાડી પાટે ચડી રહી છે. વેસ્ટ ઈંડિઝ, પાકિસ્તાન અને ઓસ્ટ્રેલીયાએ ઈંગ્લેન્ડ ટુર પૂરી કરી છે. કોરોના પછી કે કોરોનાકાળમાં ક્રિકેટ કેવી રીતે રમાશે એના વિષે બહુ ચિંતાઓ થઈ રહી હતી એનો થોડોઘણો જવાબ તો આ ત્રણ સિરિઝે આપી દીધો છે પણ ક્રિકેટની જે મજા છે, એની જે રોમાંચકતા છે એનો ત્રણેય સિરીઝમાં અભાવ જોવા મળ્યો. અને એનું અગત્યનું કારણ પ્રેક્ષકોની ગેરહાજરી. ખેર કોરોના સમયમાં પ્રેક્ષકોની ચીસાચીસ અને દેકારાઓથી સ્ટેડિયમો ગાજી ઊઠે એ દિવસો આવવામાં હજુ વાર છે એવામાં ક્રિકેટ અને ખાસ કરીને ફટાફટ ક્રિકેટની કિંગ કહેવાતી અને આખાયે વિશ્વના ક્રિકેટરસિકોમાં જેની દર વર્ષે આતુરતાથી રાહ જોવાય છે એ આઈપીએલ બોલે તો ઈંડિયન પ્રીમીયર લીગની ૧૩ મી સિઝન તમે આ વાંચતાં હશો એના એક દિવસ અગાઉ એટ્લે કે ૧૯મી સપ્ટેમ્બરથી ભારતથી દૂર યુએઇ માં શરૂ થઈ ચૂકી હશે.

ઓરિઝનલી મે મહિનામાં શરૂ થતી આ ટુર્નામેંટ કોરોનાને લીધે છેક સપ્ટેમ્બરમાં શરૂ થઈ શકી છે એટલું જ નહી પણ ભારતમાં કોરોનાની વિકરાળ ગતિને લીધે એને ભારતથી દૂર યુએઇમાં ખસેડાઈ છે. જો કે આ પહેલા પણ લોકસભા ચૂંટણીઓને લીધે ૨૦૧૪ની આઈપીએલના ૨૦ મેચો દુબઈમાં રમાઈ ચૂક્યા છે. અને એ પહેલા ૨૦૦૯માં પણ લોકસભાના ઈલેક્શનને લીધે જ આખી ટુર્નામેંટ દક્ષિણ આફ્રિકામાં રમાડવી પડેલી એ પછી આ ત્રીજો મોકો છે કે આઈપીએલ ભારત બહાર રમાઈ રહી છે. પહેલા તો કોરોનાને લીધે આના થવા પર જ શંકા હતી પણ બીસીસીઆઈના અથાગ પ્ર્યત્નો અને યુએઈ સરકાર પીએલએસ ખેલાડીઓના ના સહકારને લીધે આયોજન શક્ય બન્યું છે. કોરોનાથી ખેલાડીઓ અને આફ્ટરઓલ ટુર્નામેંટને બચાવવા માટે કડક નિયમો રાખવામા આવ્યા છે જેમાં સમયાંતરે કોવિડના ટેસ્ટ અને ક્વોરનટાઈન પિરિયડની સાથે સાથે સોશિયલ ડિસ્ટન્સિંગ અને માસ્ક તેમજ બીજી સાવધાનીઓ તો રખાઈ જ રહી છે અને એ ૧૦મી નવેમ્બરે ફાઈનલ મેચ રમાઈ ત્યાં સુધી રખાવાની પણ છે. મુંબઈ ઈંડિયને ખેલાડીઓના કોરોના ટેસ્ટ કેવી રીતે થાય છે એનો એક વિડીયો પણ રીલીઝ કરેલો તો દુબઈ પહોચેલા ખેલાડીઓને હોટલમાં જ ક્વોરીનટાઈન કરવામાં આવેલા એના વિડીયો પણ જે તે ખેલાડીઓએ સોશિયલ મીડિયા પર શેર કરેલા.

આઈપીએલ ના કુલ ૫૬ લીગ મેચમાથી દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમા ૨૪, શેખ જાયેદ સ્ટેડિયમ અબુધાબી માં ૨૦ અને શારજાહમાં ૧૨ મેચ રમવામાં આવશે. પ્લેઓફ નુંશિડ્યુલ પછીથી જાહેર કરાશે. આ વખતે ટીમોને ભારતમાં જેમ હોમક્રાઉડ સામે રમવા મળતું એ હોમ એડવાંટેજ નહી મળે. ભારતીય સમય અનુસાર બપોરે ૩:૩૦ એ શરૂ થનાર ૧૦ મેચો સિવાય મોટાભાગના મેચ રાતના જ રમાવાના છે છતાં પણ અત્યારે જે રીતે યુએઇ માં ગરમી છે એ જોતાં હવામાન મોટો ભાગ ભજવશે. ડી બી વિલ્યર્સે તો ગરમી અને બફારા પર ચિંતા પણ વ્યક્ત કરી છે. ઉકળાટભરી ગરમીની અસર ખેલાડીઓની તૈયારીઓ પર પણ પડી જ છે અને હા કોરોનાનો ડર તો છે જ. આ ઉપરાંત આગળ લખ્યો એ દર્શકોની ગેરહાજરી પણ અસર તો કરશે જ, જો કે ગાંગુલીના જણાવ્યા મુજબ થોડી મેચો પછીથી પરિસ્થિતી મુજબ કદાચ ૩૦ ટકા જેટલા દર્શકોને સ્ટેડિયમમા એન્ટ્રી મળી શકે છે. અને હા પ્રેક્ષકોની સાથે સાથે આઈપીએલનું આગવું આકર્ષણ ચીયરલીડર પણ આ વખતે ગુમ હશે જો કે એના ઉપાય તરીકે ચોક્કા—છક્કા અને વિકેટના પતન વખતે ખેલાડીઓ અને ટીવી પર મેચ જોનારને સૂનુસુનું લાગે નહી એટલા માટે સ્ટેડિયમમા રખાયેલા મોટા સ્ક્રીન પર અગાઉની મેચોના રેકોરડેડ દ્રશ્યો બતાવવામાં આવશે જેમાં પ્રેક્ષકોની ચિચિયારી અને ચીયરલીડરનો ડાન્સ પણ સામેલ હશે !

ઓપનિંગ મેચ તો રમાઈ ચૂક્યો હશે પણ એ પહેલા જ દર્શકો અને ખેલાડીઓમાં ઉત્સાહનું મોજું પ્રસરી ચૂક્યું છે. શિખર ધવને તો આ વખતે દિલ્હી જ ટ્રોફી જીતશે એવો હુંકાર કરી જ દીધો છે ત્યારે આ વખતે આઈપીએલમાં અમુક ખેલાડીઓ પર ખાસ નજર રહેશે. ગૌતમ ગંભીરના મતે અફઘાનિસ્તાનના મોહમ્મદ નબી સરપ્રાઈઝ પેકેટ બની રહેશે. આમ તો બધાની નજર લગભગ ૧૫ મહિના પછી મેદાન પર ઊતરેલ ધોની પર રહેવાની કેમકે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાથી નિવૃતિ પછી ટેન્શન ફ્રી થયેલ અને રૈનાના જવાથી બેટિંગમાં થયેલા નુકશાનમાં ધોની કેવો દેખાવ કરે છે એ જોવું રસપ્રદ રહેશે તો ઈજામાથી પરત ફરેલ હાર્દિક પંડ્યા પર પણ ઉત્કૃષ્ટ દેખાવનું દબાણ રહેવાનુ. કોલકત્તા નાઈટ રાઈડર્સ પાકિસ્તાની મૂળના પણ અમેરિકન ખેલાડી અલીખાનને મેદાનમાં ઉતારવા તૈયાર છે. ૧૪૦ કિમીની સ્પીડથી બોલિંગ કરી શકનાર અને યોર્કર માટે મશહૂર ૨૮ વર્ષનો આ ઝડપી બોલર હમણાં જ પૂરી થયેલી કેરેબિયન પ્રીમીયર લીગની વિજેતા ટિમ ત્રિબાગો નાઈટ રાઈડરનો સભ્ય રહી ચૂક્યો છે. ધોનીની જેમ જ એબિ ડીવિલિયર્સ પર પોતાના ફેન્સના મનોરંજન માટે તૈયાર છે. જોની બેયરસ્ટો, કોહલી, રાહુલ, રોહિત અને વોર્નર ઓરેન્જ કેપના દાવેદાર છે તો આરચર, ઉનડ્કટ, રબાડા, ભુવનેશ્વર, રશિદ, બૂમરાહ, બોલ્ટ પર્પલ કેપ માટે. ૩૯ વર્ષના ધોની સિવાય ઈમરાન તાહિર (૪૧), વોટશન (૩૯), સ્ટેન (૩૭) અને યૂનિવર્સલ બોસ ક્રિસ ગેલ (૪૦) માટે યુવાનો સામે ટક્કર જીલવાની કદાચ આખરી તક છે. ઉપર લખ્યા એ નામો તો અનુમાન છે કેમકે આ તો ફટાફટ ક્રિકેટ છે અને આઈપીએલ નો ઈતિહાસ કહે છે કે દર સિઝનમાં લાઈમલાઈટમાં ના હોય —જાણીતા ના હોય એવા ખેલાડીઓ પોતાની ફ્રેંચાઈઝી અને ટુર્નામેંટમાં હીરો બની જાય છે. સો સીટ બેક....રિલેક્ષ એન્ડ એન્જોય ધ ગ્રેટ ઈંડિયન પ્રીમીયર લીગ.....લેટ્સ પ્લે ..!